મહત્તમ : ૪૪.૮ ડીગ્રી
લઘુતમ : ૩૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૨૪ ટકા
ગાંધીનગર તાપમાન

આજે ટાઉનહોલમાં સેકન્ડ ઈનીંગ કાર્યક્રમ

કાર્યક્રમમાં ૧૧૦૦થી વધુ સિનીયર સીટીઝન ભાગ લેશે : શ્રેષ્ઠ વકતાઓ હાજર રહી કાર્યક્રમની શોભા વધારશે

ગાંધીનગર, તા.૭

નવી પેઢીના ઘડતરમાં અને સાંપ્રત સમાજને દિશા આપવા માટે નિવૃત્તિમાં પણ પ્રવૃત્ત થયેલા વડીલો સમાજની બહુ મોટી મુડી છે. વડીલ નાગરિકોને તેમના સારા જીવન અને સમય માટે હકારાત્મક બદલાવ દ્વારા તેમનું જીવન સકારાત્મક, સક્રિય, પ્રેરણાદાયી અને સામાજીક ઉત્તરદાયિત્વ વાળુ બની રહે તે ઉદ્દેશ્યથી રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા સેકન્ડ ઈનીંગ ૨૦૧૯ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ આજે સવારે ૯ કલાકે સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે યોજાશે. કાર્યક્રમમાં ૧૧૦૦થી વધુ સિનીયર સીટીઝન ભાગ લેશે.

વડીલો એ સમાજનું બહુ મહત્વનું અંગ છે ત્યારે છેલ્લા ૩૩ વર્ષથી કાર્યરત રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા આનંદ મંગલ સાથે આર્ટ ઓફ એજીંગ એટલે કે વૃધ્ધત્વને પામવાની, માણવાની, જીવવાની કલાની અનુભૂતિ કરાવવા સિનીયર સીટીઝન માટે એક દિવસીય સેકન્ડ ઈનીંગ ૨૦૧૯ નામક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બી.એન. દસ્તુર, દિપક તેરૈયા, મુસાફિર પાલનપુરી, પુરુષોત્તમ રૂપાલા, શાહબુદ્દીન રાઠોડ ખાસ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમ સવારે ૯ થી સાંજે ૫.૩૦ કલાક સુધી યોજાનાર છે. સવારે દિપ પ્રાગટય બાદ ૯.૩૦ થી ૧૦.૩૦ બી.એન. દસ્તુર દ્વારા ચાલો જલસો કરીએ, ૧૦.૩૦ થી ૧૧.૩૦ દીપક તેરૈયા દ્વારા આજની ઘડી છે રળિયામણી : પ્રતિક્ષણ આનંદના વધામણા, બપોરે ૧ થી ૨ કલાક દરમિયાન કુંતલ નિમાવત અને ટીમ દ્વારા જીવન સંધ્યાનો આનંદ નામે નાટક, બપોરે ૨થી ૩ દરમિયાન બી ધ ઈન્સ્પીરેશન ટીમ પર પેનલ દ્વારા ચર્ચા, ૩.૩૦ થી ૫.૩૦ દરમિયાન શાહબુદ્દિન રાઠોડ દ્વારા વૃધ્ધાવસ્થાનો આનંદ કાર્યક્રમ યોજાશે.

ઉલ્લેખનીય છે કે છેલ્લા ૩૩ વર્ષથી રોટરી કલબ ઓફ ગાંધીનગર, કાર્યરત છે જે શહેર અને આસપાસના વિસ્તારમાં આરોગ્ય, શિક્ષણ અને અન્ય ક્ષેત્રોમાં વિવિધ સેવાકીય કાર્ય કરે છે. આ ઉપરાંત સમાજના તમામ વર્ગો અને વય જૂથ માટે સમયની માંગ પ્રમાણે સંસ્થા વિવિધ ઈનોવેટીવ પ્રોજેકટ દ્વારા મદદરૂપ બની રહી છે.

ચિલોડા ખાતે ગ્રામસભા યોજાઈ

ચિલોડા, તા. ૭

ગાંધીનગર તાલુકાના ચિલોડા સ્થિત ચિલોડા ગ્રામ પંચાયત હોલ ખાતે ગ્રામ પંચાયતના સરપંચ શ્રીમતી વસુમતીબેન ડી. પટેલના અધ્યક્ષસ્થાને ગ્રામીણજનો ગ્રામવિકાસના કાર્યોમાં વધુ સહયોગી અને જાગૃતતા કેળવવાના હેતુસર ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્ય અને કેન્દ્ર સરકારની પ્રજાલક્ષી યોજનાઓની જાણકારી અને યોજાઓનો લાભ મેળવવા અને કાર્યપદ્ધતિનો ખ્યાલ માટે, ગ્રામીણ સમાજમાંથી બાળલગ્ન એક સામાજિક દુષણને નિયંત્રણ કરવા ખાસ ઠરાવમાં લેવા નિર્ધાર કર્યો હતો. આ ગ્રામસભામાં પ્રધાનમંત્રી સન્માનનિધિ, અછતગ્રસ્ત કિસાન ઈનપુટ સહાય વિકાસ કામોની પ્રગતિ, પીવાના પાણીના સ્ત્રોતો, ગ્રામીણ સ્વચ્છતાની કામગીરી, પ્રિ-મોન્સુન વનીકરણ અંગે, નિરાધાર-વિધવા સહાય યોજના અંગે જરૂરી માર્ગદર્શન અંગે ચર્ચા-વિમર્સ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ચિલોડા ગ્રામપંચાયતના સક્રિય સભ્ય નટુભાઈ પટેલે બાળ લગ્ન પ્રથા નાબુદી અંગેની સ્થિતિ, અસરો અને અટકાવવા માટે સહિયારો પ્રયાસો અંગે જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

આ ગ્રામસભામાં જિલ્લા લાયઝન અધિકારી જી.એસ. સોલંકી, જિલ્લા પંચાયત, ગાંધીનગર, બી.કે. ડામોર તાલુકા પંચાયત, વિસ્તારણ અધિકારી જે.વી. ગોહિલ ગ્રામસેવક, અગ્રણી દિનેશભાઈ પટેલ, ગ્રામ પંચાયતના સભ્યો, આંગણવાડી અને આરોગ્ય ખાતાની ટીમના સભ્યો તલાટી કમ મંત્રી નટુભાઈ ચૌધરી તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર કૈલાસ માનસરોવર સેવા સમિતિ દ્વારા યાત્રીઓનો શુભેચ્છા સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૭

કૈલાસ માનસરોવર સેવા સમિતિ ગાંધીનગર દ્વારા કૈલાસ યાત્રાએ જતા ગાંધીનગર જિલ્લાના યાત્રીઓ માટેનો શુભેચ્છા સમારોહ યોજાયો હતો. યાત્રીઓને રૂદ્રાક્ષ માળા, નારિયેળ, સાકર પડોની કીટ આપી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લાના કૈલાસ યાત્રાએ જતા યાત્રીઓ માટે કૈલાસ માનસરોવર સેવા સમિતિ દ્વારા શુભેચ્છા સમારોહ યોજાયો હતો. ગાંધીનગરના મેયર રીટાબેન પટેલના હસ્તે યાત્રીઓને સાકર પડા સાથે કીટ આપવામાં આવી હતી તથા યાત્રીઓને શુભેચ્છા પાઠવવામાં આવી હતી. સંસ્થાના પ્રમુખ ક્રિશ્વકુમાર રાણા દ્વારા સૌને આવકાર અને સંસ્થાનો પરિચય અપાયો હતો. એચ.બી. વરિયા દ્વારા યાત્રા વિષયક માહિતી આપવામાં આવી હતી. જેઠાભાઈ પટેલે હાજર રહી યાત્રાનું મહત્વ સમજાવી સર્વે યાત્રીઓને શુભેચ્છા પાઠવી હતી. ડૉ. પાર્થ અને ડૉ. મિહિર દ્વારા યાત્રીઓના મેડિકલ ચેક અપની સેવા આપવામાં આવી હતી. ભોજન દાતા કૈલાસ યાત્રી જીતેન્દ્રભાઈ પટેલ અને એચ.કે. પ્રજાપતિનું સમિતિ દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રજ્ઞાબેન પટેલ દ્વારા સંભાળવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભોલાગિરી ગોસ્વામી, ભરતભાઈ કવિ, હિતેશ રાવલ, શંકરસિંહ ગોહિલ, દશરથભાઈ પટેલ, અરૂણ પુરોહિત, મુકેશ શુકલ, જતીન ખખ્ખર, સુધા શુકલ, કાંતાબેન પટેલ, દિવ્યાબેન વરિયા, વિમળાબેન અયાચી, ભુપેન્દ્રભાઈ શાસ્ત્રી, હિરઓમ વ્યાસ સાથે સમિતિના સભ્યો અને હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સેકટર-૧૭ પ્રાથમિક સુવિધાઓથી વંચિત

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરને પાંચ દાયકાથી વધુનો સમય થઈ ગયો છે. છતા આજદિન સુધી સેકટર-૧૭ વિકાસની હરણફાળમાં પાછળ રહી જવા પામ્યું છે. શહેરના ખ્યાતનામ ડોકટર્સ, હોટલ, રેસ્ટોરન્ટ, વેપારીઓ મોટીસંખ્યામાં હોવા છતા સેકટર-૧૭ શોંપીગ સેન્ટરમાં લાઈટ, પાર્કીંગ અને ફુટપાથની સુવિધા ઉપબલ્ધ થઈ નથી. તો બીજી તરફ તંત્ર દ્વારા નવા ગાર્ડન નિર્માણ કરવામાં આવી રહ્યા છે ત્યારે સે-૧૭ નો બગીચો મરામત અને કાળજીના અભાવે ખંડેર લાગી રહ્યો છે. કર્મચારીઓ પાસે રહેવા માટે ઘર નથી. ત્યારે ઘર ખાલી કરાવી મકાન તોડવાની કામગીરી ભરપુર ચાલી રહી છે. જેથી વસાહતીઓની સંખ્યા ખુબ જ ઓછી હોવાથી વેપારીઓના વેપાર ધંધા પર પણ માઠી અસર પહોંચી છે.

સેકટર-૧૭ જુનુ હોવા છતા કેટલાક પાયાના પ્રાણ પ્રશ્નોથી આ સેકટર વંચિત રહેવા પામ્યું છે. સેકટર-૧૭ શોંપીગ સેન્ટરમાં પાર્કીંગ, વ્યવસ્થા અને ફુટપાથનો અભાવ જોવા મળી રહ્યો છે. જયારે બાળકોને રમવા માટેના ગાર્ડનમાં રમત-ગમતના સાધનો હીંચકા, લપસણી સહિતના સાધનો જર્જરીત થઈ ગયાને વર્ષો વિતી ગયા છતા આજદિન સુધી નવા આવ્યા નથી.સેકટરના બાળકોને અન્ય સેકટરના ગાર્ડનમાં રમવા માટે જવું પડે છે. તંત્ર દ્વારા કર્મચારીઓ પાસેથી મકાન ખાલી કરાવાય છે તો બીજીતરફ નવા કર્મચારીઓને મકાન મળતા નથી તેમનુ વેઈટીંગ લીસ્ટ વધુને વધુ લાંબુ બનતુ જાય છે.ત્યારે કર્મચારીઓ ભાડેથી મકાન રાખીને વસવાટ કરી રહ્યા છે. જયારે ઈન્કવાયરી કચેરી દ્વારા ખાસ કોઈ કામ વસાહતીઓના રીપેરીંગના થતા નથી જેને પગલે વસાહતીઓમાં નારાજગી વર્તાઈ રહી છે. ત્યારે સેકટર-૧૭ શોપીગના વેપારીઓ દ્વારા પાયાના પ્રશ્નોનો ઝડપી ઉકેલ આવે તેવી સ્થાનિક આગેવાનોની લાગણી અને માંગણી છે.

ઝુંડાલ કેનાલમાંથી ત્રણ યુવાનોના મૃતદેહ મળ્યા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર નજીક આવેલ ઝુંડાલ નર્મદા કેનાલમાંથી આજે સવારે ત્રણ યુવાનોના મૃતદેહ મળી આવ્યા છે. આ ત્રણેય યુવાનો મિત્ર હતા અને કલર કામના કારીગર હતા. ઝુંડાલ નજીકના બંગ્લોઝમાં કલરનું કામ રાખ્યું હતું. ગત સાંજે યુવાનો કેનાલ ખાતે ન્હાવા ગયા હતા અને ત્રણેયનું ડુબી જવાથી મૃત્યું નિપજયું હતું. બનાવ અંગે અડાલજ પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી તપાસ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ મધ્યપ્રદેશના ભીંડ જિલ્લાના વતની અને સુરેન્દ્રનગર વઢવાણના રણછોડનગર ખાતે રહેતા શુભમ કમલેશ શર્મા (ઉં.વ.૨૫), રામવીરસિંહ ભદોરીયા (ઉં.વ.૩૯), વીરસિંહ કરણસિંહ (ઉં.વ.૨૫) ત્રણયે યુવાનો લાપી, અસ્તર અને કલરકામના કારીગર છે અને મિત્રો હોવાથી સાથે કામ કરે છે. ત્યારે અમદાવાદની ઝુંડાલ નર્મદા કેનાલના આસપાસના વિસ્તારમાં આવેલ બાલાજી ગ્રીન વેલી બંગ્લોઝ ખાતે એક બંગ્લોઝનું લાપી, અસ્તર અને કલર કામ આ ત્રણેય મિત્રોએ રાખ્યું હતું. જયારે શુકવારથી કામ શરુ કરવાનું હોવાથી ગુરુવારે સાંજે તેઓ સ્થળ પર પહોંચી ગયા હતા અને સામાન મુકી સાઈટ જોઈ ત્રણેય યુવાનો કેનાલમાં ન્હાવા માટે ગયા હતા. ત્યારે ત્રણેય ન્હાવા પડ્યા તે સમયે એક ડુબી રહ્યો હોય અને તેને બચાવવા માટે બે મિત્રો બીજા મળી કુલ ત્રણેય ડુબી ગયા હોય તેમ પોલીસની પ્રાથમિક તપાસ લાગી રહ્યું છે. જયારે આજે સવારે ત્રણેય યુવાનના મૃતદેહ મળી આવ્યા છે. જયારે અગાઉ પણ તેઓ ગ્રીન વેલી બંગ્લોઝમાં કામકરી ચુંકયા છે. જયારે સામાન મુકીને સાંજે ગયા બાદ રાત સુધી પરત ના આવતા તેઓના પરિવારના સભ્યોને જાણ કરી હતી. સભ્યોએ શોધખોળ કરતા ઝુંડાલ નર્મદા કેનાલ પાસે બાઈક મળી આવ્યું હતું.શુકવારના રોજ સવારે ત્રણેય યુવાનોના મૃતદેહ મળી આવ્યા હતા. જયારે એક સાથે ત્રણેય યુવાનના મૃત્યુંથી તમામના પરિવારના સભ્યો પર આભ તુટી પડ્યું હતું. પરિવારના સભ્યોના આકંદથી સમગ્ર વાતાવરણ ગમગીન બની જવા પામ્યું હતું. જયારે બનાવ અંગે અડાલજ પોલીસ મથકના એએસઆઈ જીતેન્દ્રભાઈ એ અકસ્માતે મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય ખાતે શરુ થશે માસ્ટર ઓફ સોશિયલ વર્ક અનુસ્નાતક અભ્યાસક્રમ

ગાંધીનગર, તા.૭

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંસ્થા તેના શતાબ્દી વર્ષમાં એક નવું પુષ્પ ઉમેરવા જઈ રહી છે. આ સંસ્થા 'માસ્ટર ઓફ સોશિયલ વર્ક (એમએસડબલ્યુ)' અભ્યાસક્રમ શ્રીમતી મંગુબેન ઈશ્વરભાઈ પટેલ અને શ્રીમતી લતીકાબેન વિઠ્ઠલભાઈ પટેલના નામે ખોલવા જઈ રહી છે. આ અનુસ્નાતક અભ્યાસક્રમ બે વર્ષ (ચાર સેમેસ્ટર)નો રહેશે. તેમાં કોઈ પણ વિદ્યાશાખાના સ્નાતક વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકશે. આ અભ્યાસક્રમમાં સામાજીક કાર્ય માટે ગ્રામીણ, શહેરી અને પછાત વિસ્તારમાં કામ કરવાનો પ્રાયોગિક અનુભવ આપવામાં આવશે. રાષ્ટ્રનિર્માણ માટે યુવાનોનું ઘડતર કરી તેમની અને દેશની દશા અને દિશા બદલવાનો આ એક અનોખો અભ્યાસક્રમ છે. અભ્યાસક્રમમાં કૌશલ્ય વિકાસ માટે ભાગીદાર સંસ્થાઓ હાર્ટફૂલનેસ ઓર્ગેનાઈઝેશન, રોટરી, રોટ્રેકટ, એએમએ, ઈડીઆઈ, યુનિસેફ અને યુનેસ્કો છે. આ અભ્યાસક્રમ કરનારને સામાજિક ઉદ્યોગ સાહસિકો તેમજ વૈશ્વિક સામાજીક સંસ્થાઓ સાથે કામ કરવાની તક મળશે.

આ અભ્યાસક્રમમાં પસંદગી પામેલા તેજસ્વી વિદ્યાર્થીઓને વિના મૂલ્યે સંપૂર્ણ અભ્યાસક્રમ, વિના મુલ્યે જમવાની અને રહેવાની સગવડ તથા ભણતર સાથે સ્ટાઈપેંડ મેળવવાની તક આપવામાં આવશે. ઉપરોકત અભ્યાસક્રમ અંગે એક સેમિનારનું આયોજન તા. ૯મી જૂનના રોજ સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન યુનિવર્સિટી બિલ્ડીંગ, એલડીઆરપી કેમ્પસ, સે-૧૫, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. વધુ જાણકારી માટે ફોન નં. ૭૦૪૩૯૫૦૯૯૯ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

લાયકાત ન ધરાવતા વાઈસ ચાન્સેલરને દુર કરવા એનએસયુઆઈ દ્વારા રાજયપાલને આવેદન પત્ર

ગાંધીનગર, તા.૭

ગુજરાત રાજયની કેટલીક યુનિવર્સિટીમાં લાયકાત ન ધરાવતા ઉમેદવારો વાઈસ ચાન્સેલર તરીકેનો પદભાર સંભાળી રહ્યા છે. જયારે વાઈસ ચાન્સેલર માટે ૧૦ વર્ષનો અનુભવ ફરજીયાત હોવા છતા નિયમોની ઐસી તૈસી કરીને કેટલાક વગ ધરાવતા ઉમેદવારો વીસીની ખુરશી પર ચોંટી ગયા છે. ત્યારે આ પ્રકારે બની બેઠેલા વાઈસ ચાન્સેલરને દુર કરવા માટે એનએસયુઆઈ દ્વારા માંગ કરી રાજયપાલને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી છે.

યુ.જી.સી.ના નિયમ પ્રમાણે વાઈસ ચાન્સેલરને ૧૦ વર્ષનો એકેડેમિક અનુભવ હોવો જોઈએ.તેમજ યુજીસીના નિયમને રાજય સરકાર કે કેન્દ્ર સરકાર પણ બદલી શકતી નથી. ત્યારે લાયકાત વિના કેટલાક ઉમેદવારો વીસી થઈને બેસી ગયા છે. શુ તંત્રને યોગ્ય ઉમેદવારો મળતા નથી તો ઉમેદવારોની અનુભવમાં છેડછાડ કરવામાં આવે છે. ગુજરાતની અન્ય યુનિવર્સિટીમાં પણ વીસીની નિમણુંકમાં સરકાર યુજીસીના ધારાધોરણોને નિયમોનું પાલન નથી કરી રહી.ત્યારે રાજયની તમામ યુનિવર્સિટીમાં યુજીસીના નિયમોનું પાલન કરાવવા એનએસયુઆઈ ગાંધી ચિંધ્યામાર્ગે આંદોલન કરશે. એનએસયુઆઈએ રાજયપાલને આવેદન પત્ર પાઠવી લાયકાત વિનાના વીસીને દુર કરવા માંગ કરી છે. જો ટુંક સમયમાં નિર્ણય નહીં લેવામાં આવે તો એનએસયુઆઈ દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

શહેરમાં રખડતા ઢોરોને પકડવાની કામગીરીનો મહાનગરપાલિકા દ્વારા આરંભ કરવામાં આવ્યો છે. જેનાથી કદાચ વાહનચાલકોને રાહત મળશે.

બ્રાહ્મણ મિત્ર મંડળ દ્વારા નિઃશુલ્ક જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૭

બ્રાહ્મણ મિત્ર મંડળ, ગાંધીનગર દ્વારા તા. ૩૦ જૂનના રોજ ફકત ગાંધીનગર શહેરના બ્રાહ્મણો માટેના નિઃશુલ્ક જીવનસાથી પસંદગી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. જે સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે રાત્રે ૮ કલાકે યોજાનાર છે. આ નિમિત્તે ફોર્મ મેળવવા મો. ૯૩૭૬૧૩૧૬૦૩ પર વ્હોટસ એપ મેસેજ કરવા તેમજ રૂબરૂમાં બ્રહ્માણી સ્ટેશનરી, મીનાબજાર, સે-૧૦ અને પ્લોટ નં. ૧૧૬૭ બી-૨, સે-૪-બી ખાતે છેલ્લી તારીખ ૧૫ જૂન પહેલા સંપર્ક કરવા સંસ્થાના અગ્રણી કેતન ઉપાધ્યાય દ્વારા જણાવાયું છે.

શ્રી શુદ્ધદ્વૈત તૃતીયગૃહ કાંકરોલી યુવરાજ પ.પૂ. ૧૦૮ ગોસ્વામી શ્રી વાઘીશકુમારજી મહોદયશ્રી દ્વારા સંચાલિત શ્રી વલ્લભ વિદ્યાપીઠ (પુષ્ટિમાર્ગીય ઓપન યુનિવર્સિટી) દ્વારા શ્રીમદ જગદગુરુ વલ્લભાચાર્યજીની ભારતીય વૈદિક સંસ્કૃતિને વિશ્વભરમાં પ્રચાર પ્રસાર માટે અદભુત યોગદાન બદલ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ, લંડન દ્વારા સન્માન પત્ર પ્રેસિડેન્ટ શ્રી અશ્વિનભાઈ ત્રિવેદી દ્વારા એનાયત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વડોદરા સાંસદ શ્રી રંજનબેન ભટ્ટ , પ.પૂ. ગોસ્વામી શ્રી સિદ્ધાંત મહોદયશ્રી , પ.પૂ ગોસ્વામી શ્રી વેદાંત મહોદયશ્રી , શ્રી દિવ્ય ત્રિવેદી , શ્રી વિનય સાગાણી સહીત હજારો સંખ્યામાં વૈષ્ણવો ઉપસ્થિત રહ્યા હતા.

રેલવે દ્વારા વિકલાંગોને ટીકીટ કન્સેશન પાસ આપવામાં ઢીલ

ગાંધીનગર, તા.૭

સરકાર દ્વારા દરેક નાગરિકો માટે વિવિધ જાહેર સેવાઓ નિઃશુલ્ક આપવામાં આવે છે ત્યારે રેલવે દ્વારા વિકલાંગોને ટીકીટ માટે કન્સેશન પાસ કાઢી આપવામાં આવે છે જેથી તેઓ વિના મુલ્યે મુસાફરી કરી શકે. પરંતુ ગાંધીનગરના અગ્રણી સુરેશભાઈ ત્રિવેદીના જણાવ્યા અનુસાર રેલવે તંત્ર દ્વારા વિકલાંગોને ટીકીટ માટે કન્સેશન પાસ કાઢી આપવામાં બેદરકારી અને ઢીલ કરવામાં આવે છે.

ગાંધીનગરના અગ્રણી સુરેશભાઈ ત્રિવેદીના જણાવ્યા મુજબ ૨૦૧૫થી કેન્દ્ર સરકાર દ્વારા ૪૦ ટકાથી વધુ વિકલાંગતા ધરાવતા વિકલાંગોને રેલવે ટીકીટમાં કન્સેશન આપવાની નીતિ અમલમાં છે ત્યારે રેલવે તંત્ર દ્વારા વિકલાંગોને ટીકીટ માટે કન્સેશન પાસ કાઢી આપવામાં બેદરકારી અને ઢીલ કરવામાં આવી રહી છે. વિકલાંગોએ રેલવે સ્ટેશને તપાસ કર્યા પછી તેમને મેમ્કો પાસે, અમદુપુરા રેલવે કચેરીમાં મોકલવામાં આવે છે જયારે ત્યાં જાવ ત્યારે વિવિધ પ્રમાણપત્રો લાવવાનું કહેવામાં આવે છે જે ૨૦૧૧ પછીનું સીવીલ સર્જનું જ હોવું જોઈએ. પછી અરજદારોને વિવિધ અલગ પ્રમાણપત્રો લાવવાનું કહેવામાં આવે છે એમ બે થી ત્રણ ધક્કા વિકલાંગ અરજદારોને ખવડાવવામાં આવે છે. જો કચેરી દ્વારા પહેલેથી જ બધી માહિત આપવામાં આવે તો મુશ્કેલી ન પડે. આથી તંત્ર દ્વારા આ પ્રક્રિયા ઝડપી થાય તો કુદરતે જે અન્યાય કર્યો છે તેવા વિકલાંગોને મદદ થઈ જશે.

શહેરના ૨૮ નાના-મોટા કલાસીસ અને લાયબ્રેરીને ફાયર એનઓસી

ગાંધીનગર, તા. ૭

સુરતની આગની ઘટના બાદ તંત્ર સફાળુ જાગ્યું હતું.રાજયભરમાં ફાયર એનઓસી વગર ધમધમતી દુકાનો, સ્કુલો, હોસ્ટેલો, હોસ્પિટલ, ટયુશન કલાસીસ સહિતના સ્થળોએ ચેંકીગ હાથ ધરવામાં આવ્યું હતું. જે સ્થળ પર ફાયરના સાધનો ના હોય તેમજ ફાયર એનઓસી ના હોય તેને નોટીસ ફટકારી છે. ત્યારે ગાંધીનગર ચીફ ફાયર ઓફિસર મહેશ મોડ દ્વારા એક બે રૂમમાં ચાલતી શહેરની ૨૮ લાયબ્રેરી અને ટયુશન કલાસીસને ફાયર એનઓસીની મંજુરી આપી દેવામાં આવી છે. તો બીજી તરફ શાળાઓમાં ડીઓની પરમિશન હશે તેટલા માળની જ ફાયર એનઓસી ફાયર વિભાગ દ્વારા આપવામાં આવશે.

ગાંધીનગર મહાનગર પાલિકાના ફાયર ઓફિસર દ્વારા શહેરમાં ફાયર એનઓસી અને ફાયરના સાધનોનું સઘન ચેંકીગ હાથ ધરવામાં આવ્યું હતું. શહેરમાં ફાયર એનઓસી વિના ધમધમતી લાયબ્રેરી, ટયુશન કલાસીસ, સ્પર્ધાત્મક પરિક્ષાના વર્ગો સહિતના સ્થળોની ચકાસણી કરવામાં આવી હતી અને જે સ્થળ પર ફાયરના સાધનો ના હોય તેને કલાસીસને નોટીસ ફટકારવામાં આવી હતી. ફાયર એનઓસી માટે કેટલાક દિવસ સુધી બંધ રહ્યા બાદ ફાયર સેફટીના સાધનો ગોઠવ્યા બાદ તેની ચકાસણી કરવામાં આવી હતી અને ત્યારબાદ આજે શહેરના ૨૮ લાયબ્રેરી, કલાસીસને ફાયર એનઓસી આપવામાં આવતા આજથી ધમધમતા બની ગયા છે. જયારે કેટલાક કલાસીસ અને લાયબ્રેરી સહિત હોસ્ટેલ અને હોસ્પિટલ ફાયર એનઓસી વિના બંધ કરીને બેઠા છે.

ચિરવિદાય

- સ્વ. રમેશચંદ્ર મણાભાઈ રાઠોડ, ઉ.વ. ૫૭
- સ્વ. દિવાળીબેન ગાંડાભાઈ પટેલ, ઉ.વ. ૫૮
- સ્વ. બળદેવભાઈ ગંગારામ પરમાર, ઉ.વ. ૮૨
- સ્વ. ગૌરીબેન બિજલભાઈ ચૌહાણ, ઉ.વ. ૫૧
- સ્વ. નયનાબેન નટવરલાલ મોદી, ઉ.વ. ૬૬
- સ્વ. ઝાલા માનબા ખુમાનસિંહ, ઉ.વ. ૬૦
- સ્વ. ગીતાબેન નરોત્તમભાઈ જોશી, ઉ.વ. ૭૩
- સ્વ. સંદિપકુમાર સુરેશકુમાર કનોજીયા, ઉ.વ. ૨૭
- સ્વ. રામાભાઈ અનાજી મારવાડી, ઉ.વ. ૪૦
- સ્વ. જીવતબેન ગલાબજી ઠાકોર, ઉ.વ. ૫૫
- સ્વ. સરસ્વતી નરસિંહન, ઉ.વ. ૮૯